



## મહાકાળી મહાપ્રસાદ સેવા કેન્દ્રનો શુભારંભ

ગાંધીનગરના માર્ગો પર જય અંબેના પોકારો ગૂંજવા લાગ્યા છે અને શહેરના સેવાહૃદયી નાગરિકો અંબાજીના પદયાત્રીઓની તન-મન-ધનથી સેવા કરી રહ્યાં છે. ગાંધીનગરમાં ક-૭ સર્કલ નજીક પરંપરા રેસ્ટોરન્ટ પાસે શહેરના વકીલ મિત્રમંડળ દ્વારા સતત ૧૫મા વર્ષે શ્રી મહાકાળી મહાપ્રસાદ સેવાકેન્દ્રનું આયોજન કરાયું છે અને આજે બાલવાના ગીરનારી આશ્રમના પૂ. ગીતાદીદીના આશિર્વચન તથા આરતી સાથે તેનો શુભારંભ કરાયો હતો. શ્રી મહાકાળી મહાપ્રસાદ સેવાકેન્દ્રના શુભારંભ પ્રસંગે ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય તથા વિધાનસભાના પૂર્વ ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, ઉત્તર બેઠકના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, મેયર પ્રવિણભાઈ પટેલ, મધુર ડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણા, ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, શહેર ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ સહિત શહેરના કોર્પોરેટર્સ અને મોટી સંખ્યામાં વકીલ મિત્રો ઉપસ્થિત રહ્યાં હતા. ચાર દિવસ ચાલનારા આ સેવાકેન્દ્ર ખાતે દરરોજ રાત્રે સાંસ્કૃતિક તથા ધાર્મિક કાર્યક્રમોનું પણ આયોજન કરાયુ છે. જેમાં લોકગાયક રતનસિંહ વાઘેલા અને 'ચાર ચાર બંગડી' ફેઈમ કિંજલ દવે જેવા કલાકારો તેમના પરફોર્મન્સ આપશે.





## ક્ષત્રિય ઠાકોર સેનાની ખાટલા પંચાયત યોજાઈ

ઠાકોર સેના ઓબીસી અનામતનો લાભ તથા જ્ઞાતિયોનો અવાજ બુલંદ કરવા જનજાગૃતિ અભિયાન રૂપે અધિકારો અપાવવા માટે કુડાસણ ખાતે ગુજરાત ક્ષત્રિય ઠાકોરસેના દ્વારા મહા પંચાયતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહા પંચાયત બેઠકમાં ઠાકોર સમાજના અગ્રણીઓ તથા હોદ્દેદારો હાજર રહ્યાં હતા. વ્યસનમુક્તિ માટે એક રાજ્યકક્ષાનું તથા પાંચ જિલ્લા કક્ષાના સેન્ટરોની સ્થાપના, ટ્યુશન સહાય, વિદેશ શિક્ષણ લોન, સ્કિલ ડેવલપમેન્ટ યુનિવર્સિટી, વિધવા રોજગાર માટે ખાસ સહાય જેવી માંગણીઓ માટે રાજ્યભરમાં આંદોલન કરવાની રણનીતિ તૈયાર કરવામાં આવી હતી. આગામી દિવસોમાં બેરોજગાર મહાસભા, ઓબીસી એસ.સી., એસ.ટી., આરક્ષિત મહાપંચાયત કાર્યક્રમ, ૯ જિલ્લાના ૬૪ તાલુકામાં અલ્પેશ ઠાકોરના અધ્યક્ષપદે ઠાકોર અધિકાર યાત્રા યોજવામાં મહાપંચાયતમાં આહવાન કરવામાં આવ્યું હતું.

# પ્રેમધારા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓની સ્વચ્છતા જાગૃતિ રેલી યોજાઈ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના સેક્ટર-૨૬માં જીઆઈડીસી સ્થિત પ્રેમધારા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ આજે સ્વચ્છતા અભિયાન અંતર્ગત એક જાગૃતિ રેલીનું આયોજન કર્યુ હતુ. આ રેલી સેક્ટર-૨૬, સેક્ટર-૨૫ અને સેક્ટર-૨૪ના માર્ગો પર ફરી હતી જેમાં શેરી નાટકો પણ યોજવામાં આવ્યા હતા.

ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જન્મ જયંતિ નજીક આવી રહી છે અને તે દિવસથી ભારત સરકાર દ્વારા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિ વર્ષની ભવ્ય ઉજવણી કરવાનું આયોજન કરાયું છે. ગાંધીનગરના સેક્ટર-૨૬ સ્થિત પ્રેમધારા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ ગાંધી જયંતિની આગોતરી ઉજવણીના ભાગરૂપે આજે સવારે સ્વચ્છતા જાગૃતિ રેલી યોજી હતી. આ રેલી સે. ૨૬માં હાઈસ્કૂલથી નીકળી સે. ૨૬, સે. ૨૫માં થઈને સેક્ટર-૨૪માં પહોંચી હતી. રેલી દરમ્યાન વિદ્યાર્થીઓએ રંગલો-રંગલીના પાત્રો સાથે ભવાઈ અને શેરી નાટક યોજી સ્વચ્છતા અંગે જન જાગૃતિ આણવા પ્રેરક પ્રયાસ કર્યો હતો. સ્વચ્છતા જાગૃતિ રેલીમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા અને તેમણે વિવિધ માર્મિક બેનર્સ સાથે સ્વચ્છતા અંગે સુત્રોચ્ચાર પણ કર્યા હતા.







ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના પારસા ગામ ખાતે પારસા હાઈસ્કૂલ ખાતે ટીબી અંગેની જાગૃતિ પોગ્રામ યોજાયો હતો. જેમાં જિલ્લા ક્ષય કેન્દ્ર ખાતેથી મોનીકાબેન જોષી, મયંક મિત્તલ, હિતેશભાઈ વગેરેએ ઉપસ્થિત રહી ટીબીના રોગ અંગેના લક્ષણો અંગેની માહિતી આપી હતી. આ ઉપરાંત ટીબીના રોગના નિદાન અને સારવાર અંગેની સંપૂર્ણ અને સચોટ માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ૩૦૦થી વધુ બાળકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે તમામ બાળકોને જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા શુભેચ્છા ભેટ વિતરણ કરવામાં આવી હતી.

# ગુજરાતમાં જૂના ફ્લેટ્સ/ કો. ઓપ. સોસાયટીના રીડેવલપમેન્ટ અંગેનો સેમિનાર યોજાયો

અર્બન રિડેવલપમેન્ટ હાઉસિંગ સોસાયટી વેલફેર એસોસિએશન (યુઆરએચએસડબલ્યુએ)નાં ઉપક્રમે ગુજરાતમાં જૂના ફ્લેટ્સ/ કો.ઓપ. સોસાયટીનાં રિડેવલપમેન્ટ તેમની જરૂરિયાત/ પ્રક્રિયા અને કાનૂની મુદ્દાઓને આવરી લેતો એક દિવસનો સેમિનાર આજે જીઆઈસીઈએ ખાતે યોજાયો હતો.

યુઆરએચએસડબલ્યુએનાં ચેરમેન (પંચસીલ ગ્રુપ) જિતેન્દ્ર શાહે આ અંગે જણાવ્યું હતું કે, 'આશરો માનવીની મૂળભૂત જરૂરિયાત છે. ઝડપથી શહેરીકરણ પામી રહેલા દેશમાં આજે શેલ્ટર મોટો પડકાર બનીને ઉભો છે. ભારતમાં ગુજરાત સૌથી વધુ શહેરીકરણ પામેલા રાજ્યો પૈકીનું એક છે. વર્ષ ૨૦૧૧નાં વસતિગણતરીના આંકડા પ્રમાણે ભારતમાં ૨૭ ટકા વસતિ શહેરી વિસ્તારોમાં વસતી હતી અને ગુજરાતમાં તે આંકડો ૪૨ ટકાનો હતો.

તેમણે જણાવ્યું કે, 'શહેરી વિસ્તારોમાં હાઉસિંગનો મુદ્દો અગત્યની મહત્તા ધરાવે છે. શહેરી વિસ્તારોમાં માત્ર આશરો જ નહિ તેની સાથે પુરતું આંતરમાળખું અને અન્ય સંબંધિત જરૂરી સેવાઓ પણ અગત્યની છે. હાઉસિંગ એટલે માત્ર ઈંટ અને ચૂનાનું ચણતર જ નહિં, પરંતુ સંબંધિત આંતરમાળખાકીય સુવિધાઓ, સરળ ટ્રાન્સપોર્ટની ઉપલબ્ધ સુવિધાઓ, રોજગારીની તકો અને ઘણું બધું.'

ગુજરાતના શહેરી વિસ્તારોમાં અફાટ વસતિની સામે જમીનનો ભાગ જૂજ પ્રમાણમાં છે અને જુના બાંધકામો પણ રીપેરીંગ માંગી રહ્યા છે ત્યારે શ્રેષ્ઠ ઉપાય રિડેવલપમેન્ટનો છે.

ગુજરાતનાં ફ્લેટો/કો.ઓપ. સોસાયટીઓમાં રિડેવલપમેન્ટ કેવી રીતે થઈ શકે, તેની કાનૂની પ્રક્રિયાઓ અને મુદ્દાઓ તેમજ તેને સંબંધિત ફાયદાઓ અંગેની વિસ્તૃત જાણકારી પુરી પાડવા આજે સેમિનાર યોજાયો હતો, તેમ શાહે જણાવ્યુ કે જાણીતા કાનૂની નિષ્ણાત પરેશ જાનીએ કાનૂની મુદ્દાઓ અને પ્રક્રિયાઓ અંગેની વિશેષ જાણકારી પણ આ સેમિનારમાં પુરી પાડી હતી.

## સરળ અને નિષ્કપટી હોવું જ ઉત્તમ આર્જવધર્મની સાધના : આચાર્ય સુનીલ સાગરજી

'ધર્મ તો એક જ છે પણ ઉત્તમક્ષમાદિ એના દસ લક્ષણો છે.' આચાર્ય સુનીલ સાગરજી મહારાજે કહ્યું કે 'પર્યુષણ પર્વ આત્માનાં આનંદ અને ત્યાગનો એવો અદભુત પર્વ છે જેમાં દર રોજ નવું નવું સીખવા મળે છે.' પહેલા દિવસે ઉત્તમ ક્ષમાધર્મની આરાધના દ્વારા ક્રોધના દુષ્પરિણામોથી કેવી રીતે બચી શકાય તે સમજાવ્યુ અને બીજા દિવસે ઉત્તમ માર્દવધર્મના અન્તર્ગત માન, અંહકાર કષાયને કેવી રીતે ઓલવી અંકુશમાં રાખી આત્માના ગુણોનું વિકાસ કરી શકાય તથા સમાજમાં અને પ્રેમ ભાઈચારો વધારી શકાય. આજે ગુરુદેવે ઉત્તમ આર્જવનો ધર્મનો માનવજીવનમાં મહત્વ સમજાવતા કહ્યું કે આ ધર્મ સીખવે છે કે કોઈને જીવનમાં મન વચન કાયથી છલ-કપટ આચરવું નહિં. એનાથી નીચગતિનો બંધ થાય જ છે અને આ ભવમાં અશાંતિ, અસાતા અને નિંદાનો કારણ બને છે. લોકો માયાચારી કરીને ભૌતિક સુખસુવિધાના સાધનો ભલે મેળવી લે છે પણ તેનો શાંતિ સાથે ઉપભોગ કરી શકતા નથી. કોઈને સાથે છલ કર્યા વગર મહેનતની સૂકી રોટલી કપટથી નીપજેલ પકવાન કરતા સારી છે. આર્જવ ધર્મ સીખવે છે માણસ સરલ સ્વભાવી અને કોઈને નડકરરૂપ કે દુખ પહોચાડનાર ના હોવું જોઈએ. આજે યુવાનો માતા-પિતા અને ગુરુજનો, વડીલો સાથે છલ-કપટ આચરી ભ્રમિત થઈ રહ્યા છે, કહે છે જુદુ અને કરે છે જુદુ જેના લીધે વ્યસનોનો ભોગ બને, ષડયંત્રો કરે પોતાના હિતેશી લોકોનો વિશ્વાસ, પ્રેમ અને લાગણી ગુમાવી દે. માયાચારી આચરનાર લોકો બીજા માટે ખાડો તો ખોદે છે પણ એમાં તેઓ જ પડે છે આ અનુભવજન્ય લોકોક્તિ છે. આજે ધર્મ સભામાં સાધર્મી ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર ગૌતમભાઈ સાથે સાંસદ અને સર્જન ડૉ. કિરીટભાઈ સોલંકી આજે આચાર્યના દર્શનાર્થ પધાર્યા અને અમૃતવાણી શ્રવણ કરી ધન્યતા અનુભવી. ૩૮ ઉપવાસી સંથારાપર ચાલનારા આજથી સવા માસ પહેલા ગુરુશરણે આવેલા ક્ષુલ્લક સાર્થક સાગરજીની સ્થિતિનો ડૉક્ટર તરીકે વિશ્લેષણ કરતા તેમણે કહ્યું હતું કે ચિકિત્સાશાસ્ત્રની દષ્ટિએ એમનો સ્વસ્થ જીવન આચાર્ય ભગવની કૃપાનો યચમત્કાર માત્ર છે.





વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૬૮માં જન્મદિવસ નિમિતે શ્રી મોઢ વણિક મોદી સમાજ ગાંધીનગર દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન આજે સેક્ટર-૨૩ ગુરુકુળ શાળા ખાતે સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન કરવામાં આવ્યું હતું. જેમાં રકતદાતાઓએ ઉત્સાહભેર રકતદાન કરતા ૫૧ બોટલ રકત એકત્ર થયું હતું. આ પ્રસંગે શહેરના મેયર પ્રવિણભાઈ પટેલ, પંકજભાઈ મોદી, મોઢ વણિક મોદી સમાજના પ્રમુખ રાજેશભાઈ મોઢ તેમજ મંત્રી ફાલ્ગુનભાઈ મોઢ સહિત મોદી સમાજના આગેવાનો, હોદેદારો તેમજ બજરંગદળ અને વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકર્તાઓ મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા. રકતદાન શિબિરમાં એકત્ર થયેલ રકત જરુરીયાતવાળા દર્દીઓને સરળતાથી મળી રહે તે માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલની બ્લડબેંકને આપવામાં આવ્યું હતું. જયારે રકતદાતાઓને સમાજ તરફથી રકતદાતાઓને પ્રમાણપત્ર આપી સન્માનવામાં આવ્યા હતા.

### અતિતની આજ

● ચોથા પાનાનું ચાલું

નિમણૂક માટેની ભલામણો સરકાર પૂરેપૂરી સ્વીકારતી નથી. અમુકની દરખાસ્તોને ઈન્ટેલિજન્સના ગુપ્ત અહેવાલોને નામે ટાળી દેવાની વૃત્તિ-પ્રવૃત્તિ ચાલતી રહે છે. ભાજપના વડપણવાળી સરકાર પોતાને અનુકૂળ ન્યાયાધીશોની નિમણૂક કરવાનું શક્ય બને એટલા માટે રાષ્ટ્રીય અદાલતી નિમણૂક પંચ મારફત ન્યાયાધીશોની નિમણૂકો કરવાની પક્ષધર છે. કોંગ્રેસને પણ એ અનુકૂળ લાગે છે. મોદીયુગમાં એટલેકે ઓગસ્ટ ૨૦૧૪માં સંસદનાં બંને ગૃહોએ પંચની રચનાના ૯૯મા બંધારણીય સુધારા વિધેયકને મંજૂર કરવા ઉપરાંત રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ મત્તું મારીને કાયદાનું સ્વરૂપ પણ આપ્યું હતું. જોકે એને સુપ્રીમે ગેરબંધારણીય જાહેર કરીને રદ કરવાનો ચુકાદો આપ્યો છે. એટલે અત્યારે તો ન્યાયાધીશોના કોલેજિયમ મારફત ન્યાયાધીશોનાં નામની ભલામણ કરાય છે. સૂચવાયેલાં બધાં નામ સરકાર સ્વીકારે એવું નથી.જસ્ટિસ જોસેફના નામની કોલેજિયમે ભલામણ કર્યા છતાં એ અંગે પુનઃવિચાર કરવાનો સરકારનો આગ્રહ રહ્યો હતો. કારણ ઉત્તરાખંડમાં કોંગ્રેસની સરકારને બરખાસ્ત કરીને રાષ્ટ્રપતિ શાસન લાદવાના કેન્દ્રના નિર્ણયને ઉત્તરાખંડની હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે તેમણે રદ કરીને કોંગ્રેસની સરકારને બહાલ કરી હતી. સદનસીબે અત્યારના મુખ્ય ન્યાયાધીશ દીપક મિશ્રાના વડપણવાળા કોલેજિયમે ફરી ફરીને જસ્ટિસ જોસેફના નામની ભલામણ કરી ત્યારે અંતે એમની સીનિયોરિટી ડૂબાડીને પણ તેમને સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરવાનું સરકારે સ્વીકાર્યું હતું. ન્યાયતંત્રની સ્વતંત્રતા જળવાય, સરકાર પણ પોતાના અધિકારો ભોગવે,પરંતુ બંનેમાંથી કોઈ પોતાની લક્ષ્મણરેખાને ઓળંગે નહીં તો જ દેશની સ્વસ્થ લોકશાહીનું જતન થશે.

- haridesai@gmail.com

# ગાંધીનગરમાં સમર્પણ ધ્યાન યોગ પરિચયનું આયોજન

## ૧૮૨ જવાનોએ સમર્પણ ધ્યાન યોગ કરી તણાવ દૂર કર્યો

ગાંધીનગર, તા. ૧૬

શ્રી શિવકૃપાનંદ સ્વામી આશ્રમ ટ્રસ્ટ, નવસારી દ્વારા ઘોષિત ૨૦૧૮ રક્ષક વર્ષ નિમિત્તે



આજરોજ ગાંધીનગર ખાતેના બલરામ મંદિર ખાતે પોલીસ અધિકારી ગુર્જર, જાખર અને હેતબેન લોખીલના હસ્તે દિપ પ્રાગટ્ય કરી "રક્ષકો માટે ધ્યાન" વિષય ઉપર પ્રેઝન્ટેશન થકી સમર્પણ ધ્યાન યોગ ઉપર દિપ્તી લેઉવાએ સમજાવ્યું અને યોગાચાર્ય લલીત મકવાણા દ્વારા પતંજલી યોગ દ્વારા યોગની સમજ, નિર્દેશન દ્વારા સમજ આપવામાં આવી.

શિવકૃપાનંદ સ્વામીના જણાવ્યા અનુસાર ડૉક્ટર, રાજકારણી, રક્ષક, શિક્ષક, ખેડૂત અને વકીલ સમાજના આધાર સ્તંભ છે. જે પૈકી રક્ષકોની ભૂમિકા અત્યંત મહત્વપુર્ણ છે. જેઓ પોતાની સુરક્ષા પ્રત્યે જોખમ લઈને પણ સમાજ અને રાષ્ટ્રની સુરક્ષાની ચિંતા કરતા હોય છે. આ માટે સમાજે પણ રક્ષકોની ચિંતા કરવાની આવશ્યકતા છે.

રાજ્ય સરકારના સુરક્ષા સાથે સંલગ્ન તમામ અધિકારી અને કર્મચારીઓ માટે નિઃશુલ્ક સમર્પણ ધ્યાન યોગ દ્વારા નિયમિત અભ્યાસથી વ્યસન, હતાશા, નિરાશા જેવી નકારાત્મક વાતોમાંથી મુક્ત થઈને સ્વસ્થ, પ્રસન્ન અને સુખી જીવન જીવી શકાય છે અને જીવનના પ્રત્યેક કાર્ય પર સકારાત્મક અસર દેખાય, શારીરિક અને માનસિક તંદુરસ્તીમાં વધારો થાય તેવા પ્રયાસ થઈ રહ્યા છે. રોજની ૩૦ મીનીટ પોતાના જ માટે વાપરી નિયમીત ધ્યાનનો અભ્યાસ કરવાથી જીવનમાં બદલાવ આવે છે તે અંગેનો પ્રક્ટીકલ અનુભવ કરાવાયો હતો. આ યોગના પગલે સકારાત્મક બદલાવ આવી શકે છે.

આ કાર્યક્રમમાં ગાંધીનગર સ્થિત સેક્ટર-૨૭માં આવેલ ચેતક કમાન્ડો અને સ્ટેટ રીઝર્વ પોલીસ ફોર્સ ૧૨ના ૧૭૦ મળી કુલ ૧૮૨ જવાનોએ ભાગ લીધો.

ગાંધીનગર સમર્પણ ધ્યાનયોગના આચાર્ય ડૉ. વિપુલભાઈ લેઉવા, આચાર્યા બિનલબેન જાની, લીના લેઉવા, બંસી સોનપાલ અને ચંદ્રગુપ્ત અટારા અને સમર્પણ ટીમે કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# પ્રાંતિજ ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ ગણેશ મહોત્સવ-મહોરમને લઈને ચર્ચા કરાઈ

પ્રાંતિજ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ પોલીસ સ્ટેશનમાં ગણેશ મહોત્સવ તથા મહોરમના તહેવારને લઈને પ્રાંતિજ પી.આઈ કે.બી. પટેલ દ્વારા શાંતિ સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નગરના અગ્રણીઓ વેપારીઓ સહિત હિન્દુ મુસ્લિમ સમાજના આગેવાનોની બેઠક યોજાઈ હતી.

પ્રાંતિજ ખાતે દરવર્ષની જેમ આ વર્ષે પણ પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પીઆઈ કે.બી. પટેલની અધ્યક્ષતામાં શાન્તિ સમિતિની બેઠક પોલીસ સ્ટેશન ખાતે યોજાઈ હતી.

જેમાં નગરપાલિકાના પ્રમુખ ગીતાબેન પટેલ, રહિશભાઈ કસ્બાતી, નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ, રેખાબેન સોલંકી, યુનુસભાઈ રાણા, વિજયભાઈ પટેલ, નગરપાલિકા કોર્પોરેટરો, વેપારીઓ તથા હિન્દુ-મુસ્લિમ આગેવાનો સહિત લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને બન્ને ધર્મોના લોકોએ એક બીજાને શુભેચ્છાઓ પાઠવીને શાન્તિ અને એકતા જળવાય તે માટેની પ્રાર્થના કરી હતી.



# ગાંધીનગરમાં નવરાત્રી નિમિત્તે પ્રીટી વિમેન્સનું એકિઝબીશન કમ સેલનું આયોજન

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરમાં આગામી તા. ૨૦ અને ૨૧ સપ્ટેમ્બર દરમિયાન પ્રીટી વિમેન્સ કલબ દ્વારા નવરાત્રી નિમિત્તે એક એકિઝબીશન કમ સેલનું આયોજન ઉમિયા માતાજી સંસ્થાન સે-૧૨ ખાતે સવારે ૧૦.૩૦થી રાત્રે ૮.૩૦ સુધી કરવામાં આવ્યું છે.

આ એકિઝબીશનનો મુખ્ય હેતુ જે બહેનો ઘેર બેસી ગૃહ ઉદ્યોગ કરે છે તેઓ પોતાની વસ્તુનું વેચાણ અને પ્રદર્શન કરી શકે તે છે. જેમાં બહેનો દ્વારા જ બનાવેલ હેન્ડમેઈડ નવરાત્રી જવેલરી, ડીઝાઈનર ચિણયા ચોળી, હેન્ડી ક્રાફટ આઈટમો, હેર ઓઈલ તથા ડીઝાઈનર ડ્રેય મટીરીયલ અને કુર્તીસ તેમજ ઘણી અવનવી વસ્તુઓના વેચાણ માટે અમદાવાદ અને ગાંધીનગરના ડીઝાઈનરો ભાગ લેશે.

ગાંધીનગરના નગરજનોને આ નવરાત્રી એકિઝબીશનમાં પધારવા જાહેર આમંત્રણ પ્રીટી વિમેન્સ કલબના આયોજક શિલ્પા દેસાઈ અને દક્ષા જાદવ દ્વારા આપવામાં આવેલ છે.

### ગણતરીમાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગરમાં આશરે ૨૦ ટકા પરિવાર એવા નોંધાયા છે કે તેઓ એકલાં જ છે. પરિવારમાં તેમના સિવાય કોઈ જ નથી પરંતુ તેઓ ત્રણથી માંડીને ૬ કે છ થી વધુ રૂમ ધરાવતા મકાન માલિક છે. જો આંકડા સાથે આ વિગતો જોઈએ તો ગાંધીનગરના કુલ ૨.૩૪ લાખ મકાન માલિક પરિવારો પૈકી એક જ સદસ્ય હોવા છતાં ત્રણ રૂમની માલિકી ધરાવતા ૧૫૨૨ (૧૬ ટકા), ૧૯૭ (૨.૧૧ ટકા) ચાર રૂમના મકાન માલિક, ૬૭ (૦.૭૧ ટકા) પાંચ રૂમના અને ૩૯ પરિવારો (૦.૪૧ ટકા) ૬ કે તેથી વધુ રૂમવાળા મકાનના માલિકો છે !

વિકસતા સમાજ અને સમાજ પરિવર્તનના આ સમયમાં હવે 'મારે પણ એક ઘર હોય'નું સ્વપ્ન ઘરની સાથે અલાયદા ઓરડા પણ હોય એવું સપનું નવા જમાના પ્રમાણે આકાર લેવા માંડશે એ ચોક્કસ છે.

### ચર્ચા જગાવી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુકેશ પટેલ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા છે ?, ગુજરાતી ફિલ્મ વેન્ટીલેટર કઈ ફિલ્મની રિમીક છે ?, તાજેતરમાં ભારતના કયા રાજ્યએ નવેસરથી ચૂંટણી કરવાના હેતુથી વિધાનસભાનું વિસર્જન કર્યુ ?

મનપાની જુનિયર ક્લાર્કની પરીક્ષાનું પ્રશ્નપત્ર આમતો પરીક્ષાર્થીઓને સરળ લાગ્યુ હતુ. જોકે અંગ્રેજી તેમજ ગુજરાતી વ્યાકરણને લઈ પુછાયેલા પ્રશ્નોએ પરીક્ષાર્થીઓને ગુંચવ્યા જરૂર હતા. તેમજ ગણિતના પ્રશ્નો પણ ક્યાંક અટવાયાની લાગણી અનુભવી હતી.

આ સ્પર્ધાત્મક પરીક્ષામાં પણ મેટીર ઊંચુ જશે તેમ મનાઈ રહ્યુ છે. જી.ટી.યુ. દ્વારા સમગ્ર પરીક્ષાનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

### ટ્રેડ વોર

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્લાનબાદ બને દેશોની વચ્ચે ટ્રેડ વોર આગળ ધપશે તેવી પુરી શક્યતા છે. વાઈટ હાઉસના પ્રવક્તા લીંડસે વોલટર્સે આગલા ટેરીફની ઘોષણાને લઈને કંઈ પણ કહેવાનો નનૈયો ભણ્યો છે.

વાઈટ હાઉસના પ્રવક્તાએ સ્પષ્ટ સંકેત આપતા જણાવ્યુ હતુ કે પ્રેસીડેન્ટ આ મામલે બીલ્કુલ સ્પષ્ટ છે. અમેરીકી પ્રશાસને ચીનના ખોટા વેપારની રીત રોકવા ચીનના ઉત્પાદનો પર આયાત શૂલ્ક લગાવવા વીચારી રહ્યા છે. અમે ચીનને વારંવાર કહીએ છીએ કે અમેરીકા સાથે લાંબા સમયથી ચાલતા આ મામલે સમાધાન કરો. ચીનના વિદેશ મંત્રાલયે પણ અમેરીકા સાથે આ મામલે વાતચીત કરવાની તૈયારી દર્શાવી છે.

### જેડીયુમાં જોડાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રશાંત કિશોર ભાવિ તરીકે છે. તેમના નિવેદન બાદ રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા છે કે, નીતિશકુમારે પોતાના ઉત્તરાધિકારી તરીકે પ્રશાંત કિશોરને રજૂ કરી દીધા છે. પાર્ટીમાં તેમની સ્થિતિ ખુબ મજબૂત રહેશે. નીતિશકુમાર ટૂંક સમયમાં જ પ્રશાંત કિશોરને સરકારમાં પણ સામેલ કરી શકે છે. આગામી લોકસભા અને વિધાનસભાની ચૂંટણીમાં તેમની ભૂમિકા ખુબ મહત્વપૂર્ણ રહી શકે છે. પ્રશાંત કિશોર એવા સમયમાં જેડીયુમાં સામેલ થયા છે જ્યારે નીતિશકુમારની સામે ફરી એકવાર મજબૂત અસ્તિત્વ બચાવવા માટે પડકાર છે. ૨૦૧૯ સામાન્ય ચૂંટણીમાં એનડીએ ગઠબંધનની અંદર ભાજપ સાથે બેઠકોની વહેંચણીને લઈને છેલ્લા કેટલાક મહિનાથી અસમંજસનો દોર ચાલી રહ્યો છે. ભાજપ સાથે વાત ન બનવાની સ્થિતિમાં નીતિશકુમારની મહાગઠબંધનમાં ફરી વાપસીની શક્યતાઓ ચકાસવામાં આવી હતી. લાલૂ અને કોંગ્રેસ બંનેનો સંપર્ક પણ કરવામાં આવ્યો હતો પરંતુ તેજસ્વી યાદવના જિદ્દી વલણના કારણે આ બાબત શક્ય બની નથી.